| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૦૪.૧૦.૨૦૨૨ | | |
| દાખલ તારીખ | :: | ૦૪.૧૦.૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | :: | ૨૭.૦૬.૨૦૨૩ | | |
| અવધિ | :: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૮ | ૨૩ |

## મહીસાગર જીલ્લાના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.લુણાવાડા

### સેશન્સ કેસ (સ્પે.પોકસો) નં. ૩૫/૨૦૨૨

આંક–

**ફરીયાદી :– સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી :– અર્જુનભાઇ રામાભાઇ ઠાકોર**
ઉ.વ.૨૧, ધંધો. મજુરી,
રહે, સરવરીયા,
તા.બાલાસીનોર, જી.મહીસાગર.

**ગુન્હો:– ઇ.પી.કોડ કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબ...**

| |
|---|
| ફરીયાદીશ્રી સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રી. **જે.જે.સોલંકી** |
| આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી **બી.આર.પટેલ** |

**–: જ જ મે ન્ટ :–**

**(૧)** સદર કામે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડ કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત છે.

**(૨)** ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરયાદી નરેશભાઇ લક્ષ્મણભાઇ ઠાકોર, રહે, સરવારીયા, તા.બાલાસીનોર, જી.મહીસાગર નાઓએ તા.૨૦.૦૩.૨૦૨૨ ના રોજ ફરીયાદ આપી એવી ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, તા.૧૩.૦૩.૨૦૨૨ ના રોજ રાતના આશરે આઠેક વાગ્યાના સુમારે તેઓ તથા તેઓના ઘરના

સભ્યો જમી પરવારીને વાતો કરતા હતા અને રાત્રે દશ વાગે સુઇ ગયેલા ત્યારબાદ બીજા દિવસે તા.૧૪.૦૩.૨૦૨૨ ના રોજ વાહેલી સવારના પાંચેક વાગ્યાના સુમારે તેઓની પત્ની જયાબેન દુધ કાઢવા ઉઠેલા અને ઘરમાં જોયેલ તો ભોગબનનાર ખાટલામાં ન હતી તેથી તેઓએ ભોગબનનારની તેઓના ઘરની આજુબાજુમાં તપાસ કરતાં તેણીની મળી આવેલ નહી ત્યારબાદ તેઓએ ભોગબનનારની તેઓના કુટુંબીઓમાં તપાસ કરતાં તેણીની મળી આવેલી નહી તપાસ કરતા તેઓએ જાણવા મળેલ કે તેઓના ગામના અર્જુનભાઇ રામાભાઇ ઠાકોર સાથે ભોગબનનારનો પ્રેમ સંબંધ હતો તેથી ફરીયાદી અર્જુનભાઇના ઘરે ગયેલા અને તેઓને ઘરે તપાસ કરતા અર્જનભાઇ પણ તા.૧૪.૦૩.૨૦૨૨ થી ઘરે હાજર ન હોવાનું જાણવા મળેલ તેથી તેઓએ આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડ કલમ–૩૬૩, ૩૬૬ મુજબની ફરીયાદ આપેલી.

સદરહુ ફરીયાદ, ફરીયાદીના લખાવ્યા મુજબ પી.એસ.ઓ. ડીટવાસ પોલીસ સ્ટેશનનાઓએ લખી ડીટવાસ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૩૨૨૦૧૦૬/૨૦૨૨ થી ઇ.પી.કોડ કલમ–૩૬૬, ૩૬૩ મુજબના ગુનાની રજીસ્ટરે લઇ, આગળની તપાસ પી.એસ.આઇ.ને સોંપતા તેમણે બનાવવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામું કરી, લાગતા વળગતાં સાહેદોના નિવેદનો લીધેલ, બાદમાં આરોપી પોલીસ સ્ટેશનમાં રજુ થતાં તેની અટક કરેલી અને તેણે પહેરેલ કપડાં રજુ કરતાં પંચનામાની વિગતે કબ્જે કરેલાં, તથા ભોગબનનારના કપડાં પંચનામાની વિગતે કબ્જે કરેલાં અને તેનું વિષેશ નિવેદન લીધેલ, ત્યારબાદ ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવેલ અને તે અંગેના મેડીકલ સર્ટીફીકેટો મેળવેલા, ત્યારબાદ સદર કામે ઇ.પી.કોડ કલમ–૩૭૬ મુજબના ગુનાનો ઉમેરો કરતો રીપોર્ટ કરેલ, અને મેડીકલ ઓફીસરે લીધેલ નમુનાઓ મુદ્દામાલ એફ.એસ.એલ.ને તપાસણી અર્થે મોકલેલ ત્યારબાદ એફ.એસ.એલ.નો રીપોર્ટ આવી જતા એકંદરે સમગ્ર તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં લુણાવાડાની સ્પેશીયલ કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડ કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન તથા પોકસો એકટની કલમ–૪,૬ મુજબના ગુના સંબંધેનું ચાર્જશીટ દાખલ કરેલ જે સેશન્સ કેસ (પોકસો) નં. ૩૫/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૩) સદર કેસના આરોપી મુદત તારીખે હાજર થતાં, અત્રેની સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૮૮ અન્વયે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડ કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન તથા પોકસો એકટની કલમ–૪,૬ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું આંક–૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી સમજાવી આંક–૦૪ થી નિવેદન લેતાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા આ કેસની ટ્રાયલ આ કામે ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૦૮ | ફરીયાદી નરેશભાઇ લક્ષ્મણભાઇ ઠાકોરની જુબાની |
| ૨. | આંક–૧૧ | સાહેદ જયાબેન નરેશભાઇ ઠાકોરની જુબાની |
| ૩. | આંક–૧૩ | ભોગબનનારની જુબાની |
| ૪. | આંક–૧૬ | પંચસાહેદ વિજયભાઇ કેશવલાલ કાછીયાની જુબાની |
| ૫. | આંક–૧૮ | પંચસાહેદ સંજયભાઇ ભુરાભાઇ ઠાકોરની જુબાની |
| ૬. | આંક–૨૩ | ડો.જયોતીબેન ગોવિંદભાઇ અમીનની જુબાની |
| ૭. | આંક–૩૨ | પંચસાહેદ રમેશભાઇ સબુરભાઇ ઠાકોરની જુબાની |
| ૮. | આંક–૩૬ | પંચસાહેદ જયંતીભાઇ હિંમતભાઇ ઠાકોરની જુબાની |
| ૯. | આંક–૩૭ | સાહેદ અજયભાઇ રૂપાભાઇ ઠાકોરની જુબાની |
| ૧૦. | આંક–૩૮ | પંચસાહેદ આશીષભાઇ કીરીટભાઇ ભંડારીની જુબાની |
| ૧૧. | આંક–૪૧ | ડો.કિંજલ પાર્થ પટેલની જુબાની |
| ૧૨. | આંક–૪૬ | તકઅ મુકેશભાઇ વજેસીંગભાઇ ભગોરાની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૦૯ | ફરીયાદ |
| ૨. | આંક–૧૦ | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર |
| ૩. | આંક–૧૨ | ભોગબનનારનું સંમતિપત્રક |
| ૪. | આંક–૧૪ | ભોગબનનારનું સંમતિપત્રક |

| | | |
|---|---|---|
| ૫. | આંક–૧૫ | ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન |
| ૬. | આંક–૧૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૭. | આંક–૧૯ | ભોગબનનારના કપડાં કબ્જે કર્યાનું પંચનામું |
| ૮. | આંક–૨૪ | પોલીસ યાદી |
| ૯. | આંક–૨૫ | ફોરવર્ડીંગ પત્ર |
| ૧૦. | આંક–૨૬ | ભોગબનનારના કેસ પેપર્સ |
| ૧૧. | આંક–૨૭ | ભોગબનનારનું એમ.એલ.સી. |
| ૧૨. | આંક–૨૭ | ફોરવર્ડીંગ પત્ર |
| ૧૩. | આંક–૨૮ | પોલીસ યાદી |
| ૧૪. | આંક–૩૦ | કેસ પેપર્સ |
| ૧૫. | આંક–૩૧ | આરોપીનું એમ.એલ.સી. |
| ૧૬. | આંક–૩૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૭. | આંક–૪૨ | પોલીસ યાદી |
| ૧૮. | આંક–૪૩ | ફેરબદલી ફોર્મ |
| ૧૯. | આંક–૪૪ | ભોગબનનારનું એમ.એલ.સી. |
| ૨૦. | આંક–૪૫ | ભોગબનનારનો મેડીકલ રીપોર્ટ |
| ૨૧. | આંક–૪૭ | સુચીપત્ર |
| ૨૨. | આંક–૪૮ | સરકારી પંચો મેળવવાની યાદી |
| ૨૩. | આંક–૪૯ | આરોપીની મેડીકલ તપાસણીની યાદી |
| ૨૪. | આંક–૫૦ | રાજય બહાર તપાસ કરવા જવા માટેની યાદી |
| ૨૫. | આંક–૫૧ | ભોગબનનારનું અપહરણ થયા અંગેનું ફોર્મ |
| ૨૬. | આંક–૫૨ | ભોગબનનાર પરત મળી આવ્યા અંગેનું ફોર્મ |
| ૨૭. | આંક–૫૩ | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| ૨૮. | આંક–૫૪ | ભોગબનનારનું નિવેદન લેવાની યાદી |
| ૨૯. | આંક–૫૫ | રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૩૦. | આંક–૫૬ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ૩૧. | આંક–૫૭ | એફ.એસ.એલ.ની મુદ્દામાલ પૃથ્થકરણની યાદી |
| ૩૨. | આંક–૫૮ | બાયોલોજી પરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| ૩૩. | આંક–૫૯ | આરોપીની કોલ ડીટેલ મેળવવાની યાદી |
| ૩૪. | આંક–૬૦ | આરોપીની કોલ ડીટેલ મેળવવાની યાદી |
| ૩૫. | આંક–૬૧ | આરોપીની કોલ ડીટેલ મેળવવાની યાદી |
| ૩૬. | આંક–૬૨ | કોલ ડીટેઈલ |

(૫) ત્યારબાદ, ફરીયાદપક્ષ તરફે આંક–૬૩ થી પુરસીસ આપી વિશેષ પુરાવો આપવો નથી તેવું જાહેર કરેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરવાો પુર્ણ થતા ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક થા દસ્તાવેજી પુરાવા સંદર્ભે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લીધેલ છે. જેમાં આરોપીએ તેઓની સામેના પુરાવાઓનો ઈન્કાર કરેલ છે અને તેમણે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને પોલીસેઆ કામમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે અને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. વધુમાં આરોપી સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેવું જણાવેલ છે.

(૭) ફરીયાદપક્ષ ધ્વારા વિધ્વાન સરકારી વકીલશ્રી જે.જે.સોલંકીનાઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ ધ્વારા વિધ્વાન સરકારી વકીલશ્રી જે.જે.સોલંકીનાઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, બનાવમાં ભોગ બનનાર સગીરવયની હતી અને ભોગ બનનાર સગીર વયની હોવાનુ આરોપી જાણતો હોવાછતા આરોપી તેને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે જાર કર્મ કરવા સારુ કાયદેસરના વાલીપણામાંથી ભગાડી જઈ ભોગ બનનાર સાથે વારંવાર શારીરીક સંબંધ બાધેલા અને તે સંદર્ભે ભોગ બનનારના પિતાએ ફરીયાદ આપતા તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતા

પુરાવા જણાતા ત.ક.અ.શ્રીએ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ ૪,૬ મુજબના શીક્ષાપાત્ર ગુન્હા અંગે ચાર્જશીટ કરેલ.આરોપી વિરુદ્ઘ આંક-૩ થી નામદાર કોર્ટ તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આરોપીએ તહોમતનામાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે આંક-૦૮ થી ફરીયાદી નરેશભાઈ લક્ષ્મણભાઈ ઠાકોરને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક-૦૯ થી ફરીયાદ તથા આંક-૧૦ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ થયેલ છે અને તેઓની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે અને બનાવ સમયે ભોગબનાનર સગીર વયની હોવાનું પણ પુરવાર થયેલ છે. ફરીયાદપક્ષે આંક-૧૧ થી સાહેદ જયાબેન નરેશભાઈ ઠાકોરને તપાસવામાં આવેલ છે કે જેઓ ભોગબનનારની માતા થાય છે તેઓએ પણ પોતાની જુબાની દરમ્યાન ભોગબનનાર બનાવ વખતે સગીર વયની હોવાનું અને આ કામના આરોપી તેણીને લલચાવી ફોસલાવી લઈ ગયેલ હોવાનું તથા તેણી સાથે શારીરીક સંબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તે રીતે તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થકારક પુરાવો આપેલ છે. ફરીયાદપક્ષે આંક-૧૩ થી ભોગબનનારને તપાસવામાં આવેલ છે તેણીએ પણ પોતાની જુબાની દરમ્યાન ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપતાં આ કામનો આરોપી તેણીને ભગાડીને લઈ ગયેલ હોવાનું જણાવેલ છે તથા ભોગબનનારની જુબાની દરમ્યાન આંક-૧૫ થી સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનું નિવેદન રજુ થયેલ છે જે વંચાણે લેતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે છે. ફરીયાદપક્ષે પંચસાહેદ વિજયભાઈ કેશવલાલ કાછીયાને તપાસવામાં આવેલ છે અને તેઓની

જુબાની દરમ્યાન આંક–૧૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચસાહેદ સંજયકુમાર ભુરાભાઈ ઠાકોરને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯ થી ભોગબનનારના કપડાં કબ્જે કર્યાનું પંચનામું રજુ થયેલ છે. ફરીયાદપક્ષે આંક–૨૩ થી ડો.જયોતીબેન ગોવિંદભાઈ અમીનને તપાસવામાં આવેલ છે કે જેઓએ ફરીયાદવાળા બનાવમાં ભોગબનનારની તથા આરોપીની શારીરીક તપાસણી કરેલ છે અને તેઓ સમક્ષ ભોગબનનારે બનાવ અંગેની હીસ્ટ્રીમાં આરોપી વિરૂધ્ધની હકીકત જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૨ થી પંચસાહેદ રમેશભાઈ સબુરભાઈ ઠાકોરને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૫ થી આરોપીના કપડાં કબ્જે કર્યાનું પંચનામું રજુ થયેલ છે જે પંચનામાના બીજા પંચસાહેદ જયંતીભાઈ હિંમતભાઈ ઠાકોરને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે જે બંને પંચો હોસ્ટાઈલ થઈ ગયેલ છે પરંતુ તેઓએ આંક–૩૫ ના પંચનામામાં પોતાની સહી હોવાનું સ્વીકારેલ છે. ફરીયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ અજયભાઈ રૂપાભાઈ ઠાકોરને તપાસવામાં આવે છે અને તેઓની જુબાની જોતાં બનાવના અરસામાં ભોગબનનાર અઢાર વર્ષથી નાની હોવાનું જણાવે છે અને બનાવના દિવસે ભોગબનનાર પરત નહી આવતાં તેઓએ પણ શોધખોળ કરેલી હોવાનું જણાવેલ છે અને તે રીતે તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ છે. ફરીયાદપક્ષે આંક–૩૮ થી પંચસાહેદ આશીષભાઈ કીરીટભાઈ ભંડારીને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૪૧ થી ગાયનેક ડોકટર કીંજલ પાર્થ પટેલને તપાસવામાં આવેલ છે

તેઓની જુબાની જોતાં પણ તેઓએ ભોગબનનારની શારીરીક તપાસણી કરેલ છે અને ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકત તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૪૬ થી તપાસ કરનાર અમલદાર મુકેશભાઈ વજેસીંગભાઈ ભગોરાને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૪૭ થી આંક–૬૨ મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે તથા આ કામના આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતાં હોઈ તેઓએ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ આરોપીને મહત્તમ સજા અને દંડ કરવા અરજ ગુજારેલ છે.

(૮) જયારે બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રી બી.આર.પટેલની મુખ્યત્વે એવી રજુઆત છે કે, ફરીયાદી નરેશભાઈ લક્ષ્મણભાઈ ઠાકોરે ભોગબનનારની જન્મ તારીખ પોતાને યાદ નહી હોવાનું જણાવેલ છે તથા ભોગબનનાર સગીર દિકરીએ બનાવ અંગે તેઓને કોઈ હકીકત જણાવેલ નહી હોવાનું તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે આ રીતે ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો મળતો નથી. ફરીયાદપક્ષે આંક–૧૧ થી તપાસવામાં આવેલ જયાબેન નરેશભાઈ ઠાકોર કે જેઓ ભોગબનનારની માતા થાય છે તેઓની જુબાની જોતાં પણ બનાવ વખતે ભોગબનનાર દિકરીની ઉંમર કેટલી હતી તથા જન્મ તારીખ પોતાને ખબર નહી હોવાનું જણાવેલ છે તેમજ ભોગબનનાર મળી આવ્યા બાદ પણ ભોગબનનારે આરોપી વિરૂધ્ધની કોઈ હકીકત જણાવેલ નહી હોવાનું પોતાની સરતપાસમાં સાહેદ જણાવે છે અને તે રીતે તેઓની જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક

પુરાવો મળતો નથી. ફરીયાદપક્ષે આંક-૧૩ થી તપાસવામાં આવેલ ભોગબનનારની જુબાની જોતાં પણ આ કામનો આરોપી તેણીને લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ હોય કે તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ હોય  તેવી કોઈ હકીકત જણાવતાં નથી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં પણ તેણીએ આરોપી વિરૂધ્ધની કોઈ હકીકત લખાવેલ હોય તેવું રેકર્ડ પર આવતું નથી તથા ફરીયાદપક્ષે પણ ઉપરોકત ભોગબનનાર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવા જણાવેલ છે. આમ, ભોગબનનારની જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચસાહેદોની જુબાનીથી તથા તેઓની જુબાનીથી રજુ થયેલ જુદાં જુદાં પંચનામાઓથી પણ આરોપીને ગુનામાં સંડોવતી કોઈ હકીકત પુરવાર થતી નથી. ફરીયાદપક્ષે આંક-૨૩ થી તપાસવામાં આવેલ ડો.જયોતીબેન ગોવિંદભાઈ અમીને પણ તેઓની જુબાનીમાં બનાવ અંગેની હીસ્ટ્રીમાં ભોગબનનારે જણાવેલ હકીકતને સમર્થન કારક પુરાવો ભોગબનનારની જુબાનીથી મળતો નથી. આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ મહત્વના સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો મળતો ન હોઈ અને ફરીયાદપક્ષ તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા યોગ્ય હુકમ કરો જોઈએ.

(૯) સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા બચાવપક્ષે કબુલ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાો મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવના અરસામાં ભોગબનનાર સગીર વયની હતી?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૪.૦૩.૨૦૨૨ નારોજ આરોપીએ ફરીયાદીની સગીર વયની ભોગબનનાર દિકરી ઉ.વ.૧૭ વર્ષ ૦૯ માસ ૧૯ દિવસ નાઓને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી–ફોસલાવી તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઇ જઇ તેણીની ઇચ્છા વિરૂધ્ધ અવારનવાર શરીર સંબંધ બાંધી સંભોગ કરી ઇ.પી.કોડ કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ઉપરોકત સ્થળે સમયે અને તારીખે ફરીયાદીની સગીર વયની દિકરીને લગ્નની લાલચ આપી ભગાડી લઇ જઇ તેણીની ઇચ્છા વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી સંભોગ જાતિય શોષણ કરી જાતિય ગુનાઓ સામે બળકો રક્ષણ આપતાં કાયદાની કલમ–૪, ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૪) શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**<u>મુદ્દા નં. ૧ થી ૩.</u>**

**(૧૧)** ઉપકોરત મુદ્દાઓ એક બીજા સાથે સંકળાયેલ હોય, પુરાવા અને હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદ્દાની ચર્ચા એક સાથે કરવાનું ઉચિત જણાય છે.

**(૧૨)** ઉપરોકત કેસમાં પોલીસ પેપર્સ, નિવેદનો તથા દસ્તાવજી પુરાવાઓ ધ્યાને લતોં આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડ કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન તથા પોકસો એકટની

કલમ–૪, ૫(એલ),૬,૧૨ મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવલ છે જેથી ફરીયાદપક્ષે ઉપરોકત હકીકત આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાની થાય છે.

(૧૨.૧) ઈ.પી.કોડ કલમ–૩૬૩ ની ચર્ચા કરવામાં આવેલ તો તે, અપહરણના ગુના અંગેની શિક્ષાત્મક જોગવાઇ અંગેની કલમ છે તેમાં એવું જણાવેલ છે કે, જે કોઇ જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતનું ભારતમાંથી અથવા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરે તો તેને સાત વર્ષની મુદ્દત સુધી બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે. જો કે ઉપરોકત કલમમાં અપહરણની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. આ સંદર્ભે ઈ.પી.કોડ કલમ–૩૬૧ માં જણાવેલ વ્યાખ્યા જોવામાં આવે તો તેમાં એવું જણાવેલ છે કે, પુરૂષ હોય તો સોળ વર્ષથી ઓછી વયની અને સ્ત્રી હોય તો અઢાર વર્ષથી ઓછી વયની કોઈ સગીર વ્યકિત અથવા અસ્થિર મગજની કોઈ વ્યકિતને તેના કાયદેસરના વાલીપણામાંથી એવા સંજોગોમાં વાલીની સંમતિ વાના જે કોઈ વ્યકિતને લઈ જાય અથવા ફોંસલાવીને લઈ જાય, એવા સગીરનું અથવા એ વ્યકિતનું કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કર્યુ કહેવાય.

(૧૨.૨) તેજ રીતે ઈ.પી.કો. કલમ–૩૬૬ પણ શિક્ષાત્મક જોગવાઈ અંગેની છે જેમાં એવુ જણાવેલ છે કે, જે કોઈ વ્યકિત કોઈ સ્ત્રીને તેની ઈચ્છા વિરુધ્ધ કોઈ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા તેને ફરજ પાડવામાં આવશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં અથવા તેને લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોંસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં તેનુ અપહરણ કરે અથવા અપનયન કરે તેને દશ વર્ષની મુદત સુધીની બે માંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે. અને જે કોઈ વ્યકિત કોઈ સ

ત્રીને અન્ય વ્યકિત સાથે લગ્ન બાહય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોંસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં તે સ્ત્રીને આ અધિનિયમમાં વ્યાખ્યા કર્યા મુજબની ગુનાહિત ધમકીથી અથવા અધિકારનો દુરઉપયોગ કરીને અથવા બીજી કોઈ રીતે જબરજસ્તી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે તેને પણ ઉપર મુજબ જણાવ્યા મુજબની શિક્ષા કરવામાં આવશે. જો કે ઉપરોકત કલમમાં અપહરણ કે અપનયન ની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. પરંતુ ઈ.પી.કો. કલમ–૩૬૨ માં અપનયન ની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ, જે કોઈ વ્યકિત બીજી કોઈ વ્યકિતને અમુક જગ્યાએથી જવાની બળજબરીથી ફરજ પાડે અથવા કોઈ પ્રકારે છેતરીને તેમ કરવા લલચાવે તેણે તે વ્યકિતનુ અપનયન કર્યુ કહેવાય.

(૧૨.૩) તેજ રીતે ઈ.પી.કો. કલમ–૩૭૬ માં બળાત્કારના ગુનાની પીનલ પ્રોવીઝન દર્શાવેલ છે. પરંતુ બળાત્કારની વ્યાખ્યા ઈ.પી.કો. કલમ–૩૭૫ માં આપેલ છે જે મુજબ, બળાત્કાર એટલે આમા હવે પછીના દર્શાવેલા અપવાદ સિવાય જે પુરુષ નીચે વર્ણવેલા છ પ્રકારના સંજોગોમાંથી કોઈ સંજોગોમાં કોઈ સ્ત્રી સાથે સંભોગ કરે તે ''બળાત્કાર'' કરે છે તેમ કહેવાય.

પહેલો :– તે સ્ત્રીની ઈચ્છા વિરુધ્ધ.

બીજો :– તે સ્ત્રીની સંમતિ વિના.

ત્રીજો :– તે સ્ત્રીને અથવા જે વ્યકિતમાં તેણીને રસ હોય તે કોઈપણ વ્યકિતનેમૃત્યુ અથવાવ્યથાના ભયમાં મુકીને તેણીની સંમતિ મેળવવામાં આવી હોય ત્યારે તેની સંમતિથી.

ચોથો :– તે પુરુષ એમ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી અને પોતે સ્ત્રી જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા પરણી હોવાનુ માનતી

હોય એવો અન્ય પુરુષછે એમ માનીને તે સ્ત્રી સંમતિ આપતી હોય ત્યારે તેણીની સંમતિથી.

પાંચમુ :– મગજ ની અસ્થિરતા ને અથવા નશાના કારણે અથવા તે પુરુષ જાતે અથવા અન્ય વ્યકિત મારફતે બેહોશ બનાવે તેવી અથવા અશુધ્ધ પદાર્થ આપવાને કારણે કોઈ સ્ત્રી જેના માટે તેણી સંમતિ આપે છે તેના પ્રકાર અને પરિણામ સમજવા ને અશકિતમાન હોય ત્યારે તેણીની સંમતિથી.

છઠો :– તે સ્ત્રી ૧૬ વર્ષથી ઓછી વયની હોય તો તેની સંમતિથી અથવા સંમતિ વિના.

સ્પષ્ટીકરણ :– બળાત્કારનો ગુનો બનવા માટે જે સંભોગ થવો જોઈએ તે લીંગ પ્રવેશ થવો એ પુરતુ છે.

અપવાદ :– કોઈ પુરુષ ૧૫ વર્ષથી ઓછી વયની હોય તેવી પોતાની પત્ની સાથે સંભોગ કરે એ બળાત્કાર નથી.

(૧૨.૪) **<u>કલમ–૩ પ્રવેશ જાતિય હુમલો.</u>**

''પ્રવેશ જાતીય હુમલો'' કરનાર વ્યકિત આમાનું કાંઈ કરે, જો–

(એ) તે (પુરૂષ) પોતાનું શિશ્નને, બાળના યોનિમાર્ગમાં, મોઢામાં, મુત્રમાર્ગમાં અથવા ગુદા/મળદ્વારમાં, કોઈ પણ સીમા સુધી, પ્રવેશ કરાવે અથવા તો બાળકને પોતાની સાથે અથવા કોઈ વ્યકિત સાથે આવું કરાવે અથવા

(બી) તે કોઈપણ વસ્તુ (સાધન) અથવા શરીરનો કોઈ ભાગ, પ્રાકૃતિક શિશ્ન સિવાય, બાળકના યોનિમાર્ગ, મુત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈ પણ વ્યકિત સાથે આવું કરાવે અથવા

(સી) તે બાળકના શરીરના કોઈ પણ ભાગને ચાલાકીથી બાળકના યોનિમાર્ગ, મુત્રમાર્ગ, ગુદા અથવા બાળકના શરીરના કોઈ પણ ભાગમાં અંગ–પ્રવેશ કરાવે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવું કરાવે અથવા

(ડી) તે બાળકના શિશ્ન, યોનિ, મુત્રમાર્ગ, ગુદા સાથે પોતાના મોઢાનો ઉપયોગ અથવા બાળકને પોતાની સાથે અન્ય કોઈ પણ વ્યકિત સાથે આવું કરાવે.

(૧૨.૫) **<u>કલમ–૪ : પ્રવેશ જાતીય હુમલા માટેની શિક્ષાઃ</u>**

જો કોઇ વ્યકતિ પ્રવેશ જાતિય હુમલો કરે, તેને બેમાંથી કોઇએક પ્રકારની સાત વર્ષથી ઓછી ન હોય, તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય, તેવી કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

પોકસો એકટની કલમ–૪ પણ શિક્ષાત્મક જોગવાઈ અંગેની છે જેમા એવુ જણાવેલ છે કે, જે કોઈ વ્યકિત પ્રવેશ જાતીય હુમલો કરશે તેને બેમાંથી કોઈપણ પ્રકારની સાત વર્ષથી ઓછી નહીં તેવી પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર થશે. પરંતુ ઉપરોકત કલમમાં જણાવેલ પ્રવેશ જાતીય હુમલાની વ્યાખ્યા પોકસો એકટની કલમ–પ માં દર્શાવેલ છે અને તેમાં પ(એ) થી પ(યુ) સુધીની જુદી જુદી ગુનાહિત પ્રવૃતિઓ દર્શાવેલ છે. જેમા હાલના કેસની હકીકત મુજબ પ(એલ) મુજબ જે કોઈ, કોઈ બાળક ઉપર એકથી વધુ વખત અથવા વારંવારપ્રવેશ જાતીય હુમલો કરે અથવા પ(એમ) મુજબ જે કોઈ બાર વર્ષથી નીચેની ઉંમરના બાળક ઉપર પ્રવેશ જીતય હુમલો કરે તો તેવા કિસ્સામાં આવી વ્યકિતએ ગંભીર પ્રવેશ જીતય હુમલો કરેલ કહેવાય. આમ આરોપી વિરુઘ્ઘ ફરમાવવામાં આવેલ તહોમતનામાં સંદર્ભે ઈ.પી.કો. કલમ–૩૬૧, ૩૬૨, ૩૭પ તથા પોકસો એકટની કલમ–પ ની પેટા કલમ–પ(એલ) અને પ(એમ) માં જણાવ્યા મુજબનુ ગુનાહિત કૃત્ય આરોપીએ કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવી પડે.

(૧૨.૬) **<u>કલમ–૬ ઉગ્ર પ્રવેશ જાતિય હુમલા માટેની શિક્ષા</u>**

જે કોઇ પણ, ઉગ્ર પ્રવેશ જાતીય–હુમલો કરે તેને દશ વર્ષ કરતા ઓછી ન હોય તેવી સખત કારાવાસની શિક્ષા કે જેને આજીવન કારા વાસ સુધી વિસ્તારી શકાશે અને દંડને પણ પાત્ર ઠરશે.

(૧૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ બાર સાહેદોને તપાસેલ છે અને તેઓની જુબાનીમાં જુદાં જુદાં દસ્તાવેજી પુરવાઓ રજુ થયેલ છે તે તમામ પુરાવાઓ તેમજ તે મુજબ સૌ પ્રથમ ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ ફરીયાદી નરેશભાઇ લક્ષ્મણભાઇ ઠાકોર કે જેઓ ભોગબનનારના પિતા થાય છે તેઓને આંક–૦૮ થી તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૦૯ થી ફરીયાદ તથા આંક–૧૦ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, જન્મનું પ્રમાણપત્ર તથા શાળામાં દાખલ થવાનું પત્ર નમુના નં.૧૭ સંયુકત રીતે આંકે પડેલ છે. તેઓની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન સરતપાસમાં તેઓએ બનાવ તા.૧૪.૦૩.૨૦૨૨ ના રોજ બનેલ હોવાનું જણાવેલ છે અને બનાવ વખતે ભોગબનનાર દિકરીની ઉં.વ.૧૭ વર્ષની હોવાનું જણાવેલ છે જોકે જન્મતારીખ યાદ નહી હોવાનું પણ જણાવેલ છે. બનાવ સંબંધી તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તેઓ બનાવના દિવસે રાતના સમયે ઘરની બહાર સુતેલ હતાં અને સવારમાં ઘર ખોલીને જોતાં તેઓની ભોગબનનાર દિકરી જોવા મળેલ નહી અને આજુબાજુ તપાસ કરતાં ખબર પડેલ કે ભોગબનનાર દિકરીને આરોપી અર્જુનભાઇ રામાભાઇનાઓ લઇને જતાં રહેલ છે તેથી તેના વિરૃધ્ધ ફરીયાદ આપેલી તથા ફરીયાદ આપ્યાબાદ છ સાત મહિના પછી ભોગબનનાર દિકરી મળી આવેલી જેથી પ્રથમ તેણીને બાલાસીનોર પોલીસ સ્ટેશનમાં લાવેલા ત્યારબાદ મેડીકલ તપાસણી માટે સરકારી દવાખાને લઇ ગયેલા ત્યારબાદ ઘરે લાવેલાં. વધુમાં તેઓએ એવું પણ જણાવેલ છે કે, ભોગબનનાર દીકરીને ઘરે લાવ્યા બાદ તેણીને પુછતાં આરોપી તેણીને વાપી બાજુ લઇ ગયેલ તેવું જણાવેલ જોકે આરોપી ભોગબનાનરને કેવી રીતે રાખતો હતો તેની પોતાને ખબર નહી હોવાનું પણ જણાવેલ છે.

ઉપરોકત ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો ભોગબનનારે ફરીયાદીને આરોપી વિરૃધ્ધ શારીરીક સંબંધ સંદર્ભે કોઇ હકીકત જણાવેલ નથી તેજ રીતે ફરીયાદીએ ઉલટતપાસમાં ભોગબનાનરની ઉંમર બનાવ સમયે અઢાર વર્ષ પુરા

થવાની તૈયારીમાં હતી કે કેમ તેનો પોતાને ખબર નહી હોવાનું જણાવેલ છે પરંતુ ઈન્કાર કરેલ નથી તથા તેઓએ ઉલટતપાસમાં એવું પણ સ્વીકારેલ છે કે, બનાવ સમયે ભોગબનનારનું બીજે સગપણ કરેલુ હતું. આંક–૦૯ થી રજુ થયેલ ફરીયાદમાં પણ આરોપીએ ભોગબનનાર સાથે કોઈ દુષ્કૃત્ય કરેલ હોય કે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી હકીકત જણાવેલ નથી .આમ, ફરીયાદીની સમગ્ર જુબાની તથા ફરીયાદ જોતાં આ કામના આરોપીએ ભોગબનાનર સાથે તેણીની સંમતિથી કે સંમતિ વિના શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી.

**(૧૪)** ફરીયાદપક્ષે આંક–૧૧ થી જયાબેન નરેશભાઈ ઠાકોરને તપાસવામાં આવેલ છે કે જેઓ ભોગબનનારની માતા થાય છે તેઓએ પણ તેમની જુબાની દરમ્યાન સરતપાસમાં બનાવ વખતે ભોગબનાનર દીકરીની ઉંમર કેટલી હતી તથા જન્મ તારીખ શું હતી તે પોતાને ખબર નહી હોવાનું જણાવેલ છે અને બનાવ સમયે તેઓ સવારે ઉઠીને જોતાં તેઓની ભોગબનનાર દીકરી જોવા મળેલ નહી હોવાનું તેઓએ જણાવેલ છે જે બનાવ અંગે તેણીના પતિએ ફરીયાદ આપ્યા બાદ તેઓની ભોગબનનાર દિકરી પાંચ મહિના પછી મળી આવેલ હોવાનું જણાવેલ છે અને ભોગબનનાર દિકરી મળી આવતાં પ્રથમ તેણીને બાલાસીનોર પોલીસ સ્ટેશનમાં લાવેલા અને ત્યારબાદ સરકારી દવાખાને લઈ ગયેલાં હોવાનું જણાવે છે. જોકે ભોગબનનાર દીકરી મળી આવ્યા બાદ ભોગબનનારે આરોપી વિરૂધ્ધ કોઈ હકીકત જણાવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ ઉપરોકત સાહેદે તેઓની સરતપાસમાં કયાંય કરેલ નથી. આમ, ઉપરોત સાહેદ કે જેઓ ભોગબનનારની માતા થાય છે તેઓની જુબાનીથી પણ આરોપી વિરૂધ્ધ કોઈ મહત્વની હકીકત પુરવાર થતી નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે આંક–૧૩ થી ભોગબનાનરને તપાસવામાં આવેલ છે કે જેઓ, ફરીયાદપક્ષના સૌથી મહત્વના સાહેદ છે તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન સરતપાસમાં બનાવ વખતે તેણી પોતાના ઘરે હતી ત્યારે પોતાની મરજીથી આરોપી જોડે વલસાડ મુકામે ગયેલી હોવાનું અને ત્યાં તેણી આરોપી સાથે રૂમમાં

મિત્રની જેમ રહેતી હોવાનું અને પાંચ છ મહિના રોકાયેલી હોવાનું જણાવેલ છે તથા તે સમય દરમ્યાન આરોપીએ તેણી સાથે કોઇ શારીરીક સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નહી હોવાનું તેણીએ જણાવેલ છે. તેણીની જુબાની દરમ્યાન આંક–૧૪ થી સંમતિપત્ર તથા આંક–૧૫ થી સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન રજુ થયેલ છે. ઉપરોકત સાહેદે પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ ન હોઇ સરકારી વકીલશ્રીની મૌખિક વિનંતીથી ઉપરોત સાહેદને હોસ્ટાઇલ જાહેર કર્યા બાદ ઉપરોકત સાહેદની ઉલટતપાસ કરવા માટે સરકારી વકીલશ્રીને પરવાનગી આપ્યા બાદ સરકારી વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં પણ પોલીસ રૂબરૂના નિવેદનમાં તેણીએ આ કામનો આરોપી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ હોવાનુ લખાવેલ કે કેમ તે પોતાને ખબર નહી હોવાનું જણાવેલ છે. વધુમાં બચાવપક્ષના વકીલશ્રીએ કરેલ ઉલટતપાસમાં તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને બનાવના આગલા દિવસે પોતાની માતા સાથે ઝઘડો થતાં આરોપી અર્જુનને ફોન કરીને બોલાવેલો અને અર્જુને આવવાની ના પાડતાં તેણી આરોપીને તું મને બહાર લઇ જા તેવું જણાવેલ. આમ, ઉપરોકત ભોગબનનારની સમગ્ર જુબાની જોતાં પણ આ કામના આરોપીએ તેણીની સાથે તેણીની સંમતિથી કે સંમતિ વિના શરીર સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર થતી નથી. આમ, ફરીયાદપક્ષના કેસને ભોગબનનારે ખુદે સમર્થનકારક પુરાવો આપેલ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે આંક–૩૭ થી અજયભાઇ રૂપાભાઇ ઠાકોરને તપાસવામાં આવેલ છે તેઓની સમગ્ર જુબાની જોતાં આ કામના ફરીયાદી તેઓના કુટુબી ભાઇ થતાં હોવાનું અને બનાવ સમયે ભોગબનાનરનું અઢારમું વર્ષ ચાલતું હોવાનું જણાવેલ છે તથા ભોગબનનાર મળી આવતી ન હોવાની હકીકત તેઓએ ભોગબનનારની માતા પાસેથી જાણેલી હોવાનું જણાવે છે અને ફરીયાદ આપ્યા બાદ ત્રણેક મહિના પછી ભોગબનાનર મળી આવેલી તેવું પણ જણાવે છે જોકે ભોગબનનાર કયાં ગયેલી તેની પોતાને ખબર નહી હોવાનું પણ તેઓએ જણાવેલ

છે. આમ, તેઓની સમગ્ર જુબાની જોતાં પણ આ કામના આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે આંક–૨૩ થી તપાસવામાં આવેલ ડો.જયોતીબેન ગોવિદંભાઇ અમીનની જુબાની જોતાં તેઓએ ફરીયાદમાં જણાવેલ ભોગબનનાર તેમજ આરોપીની શારીરી તપાસણી કરેલ છે અને તેઓની જુબાની દરમ્યાન અનુક્રમે આંક–૨૪ થી આંક–૩૧ મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે જેમાં આંક–૨૬ થી ભોગબનનારના કેસ પેપર્સ તથા આંક–૨૭ થી ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૩૦ થી આરોપીના મેડીકલ કેસ પેપર્સ તથા આંક–૩૧ થી આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે તેઓની પણ સમગ્ર જુબાની જોતાં તેઓએ ભોગબનાનરની શારીરીક તપાસણી કરેલ છે તથા ભોગબનનારે બનાવની હીસ્ટ્રીમાં તે તથા આરોપી પતિ પત્નીની જેમ રહેતાં હોવાનું અને સેલવાસ ખાતે મંદિરમાં લગ્ન કરી લીધેલ હોવાનું જણાવેલ છે તથા તેણીને તપાસતાં પ્રેગ્નેન્સી પોઝીટીવ હોવાનું પણ તેઓએ જણાવેલ છે. પરંતુ જયારે ભોગબનનારે ખુદે બનાવ અંગેની હીસ્ટ્રીમાં આરોપી વિરૂધ્ધની કોઇ હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ ન હોય ત્યારે મેડીકલ ઓફીસર રૂબરૂની બનાવ અંગેની હીસ્ટ્રીનું પુરાવાની દ્રષ્ટિએ બહુ મહત્વ ગણી શકાય નહીં.

(૧૮) ફરીયાદપક્ષે આંક–૪૧ થી ડો.કીંજલ પાર્થ પટેલને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૪૨ થી આંક–૪૫ મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે અને ફરીયાદપક્ષના કેસ મુજબ તેઓએ ભોગબનનારની ગાયનેક મેડીકલ તપાસણી કરેલ છે . આમ તેઓની જુબાની દરમ્યાન આરોપી વિરૂધ્ધની કોઇ મહત્વની હકીકત મેડીકલ એવીડન્સ સંદર્ભે રેકર્ડ પર આવતી નથી.

(૧૯) ફરીયાદપક્ષે આંક–૧૬ થી પંચસાહેદ વિજયભાઇ કેશવલાલ કાછીયાને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૭ થી ગુનાવાળી

જગ્યાનું પંચનામું રજુ થયેલ છે પરંતુ તેઓની સમગ્ર જુબાની તથા પંચનામું જોતાં આરોપીને ગુનામાં સંડોવતી કોઇ હકીકત પુરવાર થતી નથી.

**(૨૦)** ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચસાહેદ સંજયકુમાર ભુરાભાઇ ઠાકોરને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૧૯ થી ભોગબનનારના કપડાં કબ્જે કર્યાનું પંચનામું રજુ થયેલ છે પરંતુ તેઓની પણ સમગ્ર જુબાની તથા પંચનામું જોતાં આરોપીને ગુનામાં સંડોવતી કોઇ હકીકત પુરવાર થતી નથી.

**(૨૧)** ફરીયાદપક્ષે આંક–૩૨ થી પંચસાહેદ રમેશભાઇ સબુરભાઇ ઠાકોરને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૫ થી આરોપીના કપડાં કબ્જે કર્યાનું પંચનામું રજુ થયેલ છે તથા ઉપરોકત પંચનામાના બીજા પંચસાહેદ જયંતીભાઇ હીંમતભાઇ ઠાકોરને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે પરંતુ ઉપરોકત બંને પંચસાહેદોએ પંચનામામાં પોતાની સહી સિવાયની હકીકતને સમર્થન આપેલ નથી.

**(૨૨)** ફરીયાદપક્ષે આંક–૩૮ થી પંચસાહેદ આશીષભાઇ કીરીટભાઇ ભંડારીને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે તેઓએ તેમની જુબાની દરમ્યાન સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ છે પરંતુ ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસને કંઇ લખાવેલ હોય તેવું બનેલ નથી અને પોલીસે જાતે લખાણ લખેલું તેમાં પોતાની સહીઓ કરેલી અને સહી સિવાય તેઓ પંચનામાની કોઇ હકીકત જાણતાં નથી. આમ, ઉપરોકત પંચસાહેદની સમગ્ર જુબાની જોવામાં આવે તો તેનાથી ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન મળતું નથી.

**(૨૩)** ફરીયાદપક્ષે આંક–૪૬ થી ત.ક.અમલદાર મુકેશભાઇ વજેસીંગ ભગોરાને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની દરમ્યાન અનુક્રમે આંક–૪૭ થી

આંક–૬૨ મુજબના જુદાં જુદાં દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે. બનાવના તેઓ અરસામાં બાલાસીનોર પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે ફરજ બજાવતાં હતા અને તેઓને આ ગુનાની તપાસ સુપ્રત થતાં તેઓએ સંભાળી લીધેલ અને તેઓએ તપાસના કામે સુચીપત્ર તૈયાર કરેલ અને ગુનાવાળી જગ્યાનું પંચનામું તૈયાર કરેલ તથા લાગતા વળગતાં સાહેદોના નિવેદનો લીધેલાં અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીએ સાહેદની ઉલટતપાસ કરેલ છે જેમાં સાહેદે એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખેલ નથી, સાહેદોના નિવેદનો તેઓએ જાતે લખી લીધેલ છે, અગાઉ ચર્ચા કરી તે મુજબ જયારે ફરીયાદપક્ષના મહત્વના સાહેદોએ જ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય ત્યારે પોલીસ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થયેલ હોવાનું માની શકાય નહી.

**(૨૪)** આમ, ફરીયાદપક્ષના તમામ સાહેદોની મૌખિક જુબાની તથા જુબાની દરમ્યાન રજુ થયેલ જુદાં જુદાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં બનાવ વખતે ભોગબનનારની ઉંમર અઢાર વર્ષથી નાની હતી તેવું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે પરંતુ આરોપીએ તા.૧૪.૦૩.૨૦૨૨ ન રોજ ભોગબનારને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે જારકર્મ કરવા સારૂં સમજાવી પટાવી ફોસલાવી તેના કાયદેસરના વાલીના વાલીપણામાંથી અપહરણ કરી લઇ જઇ તેણીની સાથે અવારનવાર શરીર સંભોગ કરેલાની  હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તે રીતે જોવામાં આવે તો આરોપી સામે ચાર્જશીટમાં જણાવેલ તથા તે સંદર્ભે આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબના ગુનાના આક્ષેપો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી તથા મુદ્દા નં. ૨ અને

૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી **અર્જુનભાઇ રામાભાઇ ઠાકોર,** ઉ.વ.૨૧, ધંધો. મજુરી, રહે, સરવરીયા, તા.બાલાસીનોર, જી.મહીસાગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઇ.પી.કોડ કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ ૬ (છ) માસના સમયગાળા માટે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબ્જે લીધેલ તમામ બિન કીંમતિ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) જામીન જીલ્લા રજીસ્ટ્રારશ્રી રૂબરૂ આપવા.

હુકમ આજરોજ તારીખ ૨૭મી માહે જુન, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭.૦૬.૨૦૨૩
લુણાવાડા.

**(જયેન્દ્રકુમાર નવનીતલાલ વ્યાસ)**
એડીશ્નલ સેશન્સ જજ,
લુણાવાડા, જી.મહીસાગર.
જીજે **00530**

એમ.એ.કાદરી
ગુજ.સ્ટેનો.